Seat No: ________

[121]

No. of Printed Pages: __2___

# SARDAR PATEL UNIVERSITY

Bachelor of Arts (Semester: 3) Examination – 2022

UA03CGUJ51: Yugvandana (Gujrati Literature)

Date: 11th November 2022, Friday

Time: 02:00 P.M to 05:00 P.M — Total: 70 Marks

---

પ્ર.૧ પૂર્વાપાર સંદર્ભ આપી સમજાવો (કોઈ પણ ત્રણ) (૧૮)

(૧) એના ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું,કેવી મીઠડી !
એના બેડીબંધ તૂટશે,એવી આશે ખલક બધી ખડી. - તારા નામમાં, ઓ સ્વતંત્રતા.

(૨) ઘનઘોર વનની વાટને અજવાળતો,બાપુ !
વિકરાળ કેસરિયાળને પંપાળતો,બાપુ !
ચાલ્યો જજે ! તુજ ભોમિયો ભગવાન છે,બાપુ !
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે બાપુ !

(3) જીતીને વળશો તો રંગે રમાડશું : મરશે તોયે શા ઉચાટ !
ખોળે પોઢીને ચડશું ચિતા માથે : હસતાં જાશું સુરવાટ રે :
એવા ઉગ્રભાગી અવતાર.

(૪) નથી બંકી છટા એ તો - ભાંગેલી એ કેડય છે !
સદીઓના સિતમ-ભારે હાંફતો હાડ-પુંજ છે.

(૫) અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોના હાથે રમે -
ત્યારે હાય રે હાય,કવિ ! તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીત ગમે !

(૬) ભાઈ મારા !ગાળીને તોપગોળા,ઘડો સુઈ-માચીના સંગ બો'ળા;
ઘડો રાંક રેંટુડાની આરો,ઘડો દેવ-તંબુરાના તારો :
હો એરણ બેની !

પ્ર.૨ ઝવેરચંદ મેઘાણીના સમગ્ર સાહિત્ય સર્જનને આધારે ગાંધીયુગમાં તેમનું સ્થાન સ્પષ્ટ કરો (૧૭)

અથવા

(પાન ઉલટાવો)

પ્ર.૨ નીચે નિર્દેશિત બંને ટૂંકનોંધ લખો

(૧) 'યુગવંદના'ના અભ્યાસનિયત પીડિત દર્શનના કાવ્યો

(૨) 'શિવાજીનું હાલરડું' - કાવ્યનું રસલક્ષી મૂલ્યાંકન

પ્ર.૩ 'યુગવંદના'માં પ્રગટતી કવિસંવેદનામાં તત્કાલીન પરિસ્થિતિ પ્રભાવક બનીને, ઉત્કટરૂપે શબ્દદેહે આકારિત થઈ છે - અભ્યાસનિયત કાવ્યોને આધારે વિધાનની સાધક - બાધક ચર્ચા કરો (૧૭)

અથવા

પ્ર.૩ નીચે નિર્દેશિત બંને ટૂંકનોંધ લખો

(૧) 'યુગવંદના'ના અભ્યાસનિયત રાષ્ટ્રપ્રેમના કાવ્યો અને શૌર્યગીતો

(૨) 'કોઈનો લાડકવાયો' - કાવ્યનું રસદર્શન કરો

પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો (૧૮)

(૧) 'પરાજિતનું ગાન' કાવ્યમાં પ્રગટતી કવિસંવેદનાને દર્શાવો

(૨) 'બીડીઓ વાળનારીનું ગીત'કાવ્યમાં પ્રગટતી પીડિત જીવનની કરૂણતાને વર્ણવો

(૩) 'છેલ્લી પ્રાર્થના' કાવ્યમાં વ્યક્ત થતાં કવિના મનોભાવને આલેખો

(૪) કવિ જીવનમાં કસુંબલ રંગ ક્યાં ક્યાં જુએ છે ? અને તે દ્વારા કવિ શું દર્શાવે છે ?

(૫) 'ફાગણ આયો'કાવ્ય દ્વારા કવિ શું સૂચવે છે ?

(૬) 'સૂના સમદેની પાળે' કાવ્યમાં વીરગતિ પામી રહેલ યૌધ્ધો પોતાના સાથી મિત્રને શું કહે છે ?

---------------